## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



જો સરખું વાળજે... ખબર છે ને ? ટ્રમ્પની સાથે તેની વાઈફ પણ આવવાની છે...!!!

# આંદોલનકારીઓથી સત્યાગ્રહ છાવણી ધમધમી

ગાંધીનગર, તા.૧૮ ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી છેલ્લા બે



માસથી આંદોલનકારીઓ થી ધમધમી ઉઠી છે. હાલના સમયે છાવણી ખાતે માલધારી સમાજ, આદિવાસી સમાજ, ટાટ પાસ ઉમેદવારો, એલઆરડી અનામત વર્ગની બહેનો, એલઆરડી પુરુષ ઉમેદવારો સહિતના નાગરીકો ન્યાય માટે આંદોલન ચલાવી રહ્યા છે. છાવણી ખાતે આંદોલનકર્તાઓએ પોતાનો અડીંગો જમાવ્યો છે. આંદોલનકારીઓને મળવા માટે અને તેમના સમર્થનમાં રોજ નવા નેતા અને વિવિધ સમાજના હોદેદારો આવે છે. જેને પગલે છાવણી ખાતે બારે ભીડ જોવા મળે છે.

ગાંધીનગર પાટનગર હોવાના નાતે રાજયના વિવિધ શહેરોમાંથી વિવિધ સમાજ અને સંવર્ગના ઉમેદવારો ન્યાય મેળવવા માટે સરકાર સમક્ષ આંદોલનની રાહે લડત આપવા ધામા નાંખ્યા છે. ગાંધીનગરની સત્યાગ્રહ છાવણીમાં ન્યાયની માંગ સાથે છેલ્લા ઘણા સમયથી સુત્રોચ્ચાર કરતા આંદોલનકારીઓ જોવા મળી રહ્યા છે. એક યા બીજા પ્રશ્નોના નિરાકરણની આશ વચ્ચે આંદોલનકારીઓની ભીડ વધતી જાય છે. જેના લીધે આ વિસ્તારમાં સતત મેળાવડા જેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આંદોલનકારીઓને મળવા વિવિધ સમાજના સભ્યો અને નેતાઓ પણ આંટાફેરા કરે છે આ સ્થિતિ વચ્ચે આસપાસથી લારી ગલ્લાધારકો અને ખાણીપીણી બજારોમાં પણ ભીડ જોવા મળી રહી છે. શાંત પ્રકૃતિ ધરાવતા શહેરમાં આંદોલનકારીઓની ગતિવિધીથી અનોખો ધમધમાટ જોવા મળે છે.

## વાત-વાતમાં.....

- મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલ આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સના સંદર્ભમાં રાત્રીના સમયે પ્રોજેક્ટર થકી મહાત્મા મંદિરની દિવાલ પર યાયાવર પક્ષીઓ તથા પ્રાણીઓના ચિત્રો પ્રદર્શિત કરવામાં આવી રહ્યાં છે. રાત્રીના સમયે આ શૉ નિહાળવા નાગરિકોમાં આકર્ષણ જોવા મળી રહ્યું છે.
- કુડાસણમાં મહાલક્ષ્મી ફલેટ નજીક એક નીલગાય મૃત્યુ પામી છે. નીલગાયના મૃતદેહમાંથી પ્રસરતી દુર્ગંધ નજીકના વસાહતીઓ માટે પરેશાનીરૂપ બનવા પામી છે. તેથી સત્વરે તંત્ર દ્વારા નીલગાયના મૃતદેહને ત્યાંથી હટાવી યોગ્ય નિકાલ કરાય તે જરૂરી બન્યુ છે.
- શહેરમાં ટૂંક સમયમાં જમ્મુ-કાશ્મીરથી સૌથી વધુ યુવાનો પધારી રહ્યાં છે. આ કાશ્મીરી યુવાનો ‘‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’’ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની સંસ્કૃતિને જાણવા-સમજવા આવી રહ્યાં છે જેઓ ૩૭૦ની કલમ નાબુદી બાદ સૌ પ્રથમવાર પોતાના રાજ્યની બહાર પ્રવાસ ખેડી રહ્યાં છે.

# ચિલોડામાં ત્રણ મકાનના તાળા તુટ્યા

ગાંધીનગર, તા.૧૮ ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ગણતા ચિલોડા વિસ્તારમાં એક જ રાતમાં ત્રણ મકાનના તાળા તુટતા હાહાકાર મચી જવા પામ્યો છે. ચિલોડા સ્થિત રૂદ્રપ્રયાગ એવન્યુ સોસાયટીમાં ખાતે બે અને ગ્રીન આસ્થા ફલેટની પાછળ એક મકાનમાં ચોરીની ઘટના બની છે. ચોર ઈસમો ઘરમાંથી રોકડા રૂ.૧૫ હજાર અને દાગીના મળીને કુલ રૂ.૪૭ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા છે. એક સાથે ત્રણ મકાનમાં ચોરીને પગલે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ સર્જાયો છે.

મુળ રાજસ્થાનના રીષીકુમાર એમ.ડાંગી, (ઉં.વ.૩૦) ચિલોડા સ્થિત રૂદ્રપ્રયાગ એવન્યુ ખાતે છેલ્લા ચાર માસથી ભાડના મકાનમાં વસવાટ કરે છે. તેઓ બીએસએપ હેડકવાર્ટર ગાંધીનગર ખાતે એએસઆઈ તરીકે ફરજ બજાવે છે. તેઓ અમદાવાદ સંબંધીના ઘરે ગયા હતા ત્યારે મકાન માલિકે ફોન કરી ચોરી અંગે જાણ કરી હતી.જેથી રીષીકુમાર પત્ની સાથે તાત્કાલીક ચિલોડા આવીને જોયુ તો ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો. ઘરમાં જઈને તેઓએ તપાસ કરતા સામાન વેર-વિખેર પડ્યો હતો અને ઘરમાં રહેલા રૂ.૧૫ હજાર રોકડા અને રૂ. ૩૨ હજારના કિંમતના દાગીના ગુમ હતા. જેથી તેઓએ ચિલોડા પોલીસ મથકે રૂ.૪૭ હજારની મત્તાની ચોરીની ફરીયાદ નોંધાવી છે. પોલીસે ફીંગરપ્રિન્ટ એક્સપર્ટની મદદ લઈ તપાસ શરુ કરી છે. તો બીજીતરફ રૂદ્રપ્રયાગ સોસાયટીમાં મહેન્દ્રભાઈ ડામોરના ઘરે પણ ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો છે. આ ઉપરાંત ગ્રીન આસ્થા ફલેટની પાછળ રહેતા મનબહાદુર થાપાના ઘરે ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે.

## ધોળાકુવા પાસે અજાણ્યા વાહનની ટક્કરે આધેડનું મૃત્યુ

ગાંધીનગર નજીક આવેલા ધોળાકુવા ગામથી હાઈ વે તરફ જતા માર્ગ પર અજાણ્યા વાહનની અડફેટે બોરીજના આધેડનું મૃત્યુ નિપજયુ હતું. અમિતકુમાર અમરસિંહ સોલંકી વાહન રીપેરીંગનું કામ કરતા હતા. બપોરના સુમારે તેઓ ધોળાકુવાથી બાઈક પર ગાંધીનગર તરફ જઈ રહ્યા હતા.ત્યારે અજાણ્યા વાહનના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી બાઈકને અડફેટે લીધુ હતુ. અકસ્માત સર્જીને કાર ચાલક રફુચક્કર થઈ ગયો હતો. ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં ટુંકી સારવાર બાદ જ તેમનું મૃત્યુ નિપજયુ હતુ.

## ખૂણેખાંચરેથી



- ભાજપના પૂર્વ સાંસદ નટુજી ઠાકોર આજે જિલ્લા પંચાયત ખાતે આવ્યા હતા. તેમણે જિલ્લા વિકાસ અધિકારી સાથે ઔપચારિક બેઠક કરી હતી.
- ગાંધીનગર જિલ્લાના મહિલા બાળ કલ્યાણ અધિકારી તરીકે વધારાનો ચાર્જ સંભાળતા સુશ્રી નીતા ગામીને અમદાવાદનો ચાર્જ સોપાતાં જિલ્લાના અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલને તેમનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની આજે બેઠક મળી હતી જેમાં નવા વર્ગખંડો બનાવવાની મંજૂરી ઝડપથી સરકારમાંથી મેળવવા પર સભ્યોએ આગ્રહ કર્યો હતો.
- અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની ગુજરાત યાત્રાને લઈ ગાંધીનગર જિલ્લાને આપવામાં આવેલા લક્ષ્યાંકમાં વૃદ્ધિ કરાતાં તંત્રએ હવે તે દિશામાં તેનુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.
- ગુજરાત બાર કાઉન્સીલની એક્ઝીક્યુટીવ કમિટીના પૂર્વ ચેરમેન અને ડીસ્પસરી કમિટીના ચેરમેન કરણસિંહ વાઘેલાના પિતાશ્રીનું આજે દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની સમાજકલ્યાણ વિભાગની સમિતિની બેઠક પણ જિલ્લા પંચાયત ખાતે મળી હતી.



**એસ.જે.પી.આઈ-ગાંધીનગરની ટીમ ચેલેન્જ-૨૦૨૦ની સ્પર્ધામાં ટોપ ૧૦માં સ્થાન પામી**

ગાંધીનગરની સ્ટાર્ટઅપ યુનિવર્સિટી દ્વારા ચેલેન્જ ૨૦૨૦ નામની એક ઈન્ટરનેશનલ લેવલની કોમ્પીટીશન સી.કે.શાહ વિજાપુરવાલા ઈન્સ્ટીટ્યુટ અને મેરીવુડ યુનિવર્સિટી-યુ.એસ એ ના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં વડોદરા ખાતે યોજાઇ ગઈ જેમાં ૬૦ થી વધુ પોસ્ટ ગ્રેજ્યુએટને અંડર ગ્રેજ્યુએટ લેવલની કૉલેજની ટીમોએ પોતાનાં બિઝનેસ આઈડીયા રજૂ કર્યા હતાં. ગાંધીનગર ના પ્રવેશદ્વાર આવેલ શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ કોલેજની ચાર ટીમોએ આમાં પોતાનું કૌશલ્ય બતાવ્યું જેમાંથી એક ટીમ ટોપ ૧૦માં આવી જેમાં દેવાંષી પરમાર, મેહુલ સોની, રીયા મુરજાની, રીંકી ઝા અને કરણ રાજપુતે મેદાન માર્યું હતું. અત્રે ઉલ્લેખનીય એ છે કે વિદ્યાર્થીઓએ સફળતાના સમગ્ર શ્રેયનો કળશ કોલેજના ફેકલ્ટી ડૉ.ચીરાગ પટેલનાં નેતૃત્વ અને ડીરેક્ટર શ્રી ડૉ. બી.કે.નિર્મલનાં માર્ગદર્શનને શીરે ઢોળ્યો જે સરાહનીય ને ધન્યવાદને પાત્ર બની રહ્યો હતો.

# ઉનાવા પાસે બાઈક અકસ્માતમાં ૧૮ વર્ષિય આશાસ્પદ યુવકનુ મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૮ ઉનાવા પાસે બાઈક અકસ્માતમાં ૧૮ વર્ષિય આશાસ્પદ યુવકનું મૃત્યું નિપજયુ હતું. પરિવારજનો યુવકનું મૃત્યું બાઈક સ્લીપ થઈ જતા થયું હોવાનુ માનતા હતા. પરંતુ યુવકના મૃત્યુના ૨૦ દિવસ બાદ ખબર પડી કે અન્ય એક બાઈક સાથે યુવકના બાઈકનો અકસ્માત થયો હતો. બનાવ અંગે મૃતક યુવાનના પિતાએ આ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મહેસાણા જિલ્લાના ફલુ ગામના અને હાલ અમદાવાદ નરોડા ખાતે વસંતવિહાર સોસાયટીમાં રહેતા હરીશચંદ્રસિંહ રાઠોડને તા.૨૯ જાન્યુઆરીના રોજ સાંજે તેમના પર ફોન આવ્યો હતો કે તેમના દિકરા રાજદિપસિંહ (ઉં.વ.૧૮) નો ઉનાવા પાટીયા પાસે અકસ્માત થયો છે. જેથી તેઓ તાત્કાલીક ઉનાવા પાસેની પ્રાઈવેટ હોસ્પિટલમાં પહોચ્યા હતા. ત્યાં જઈને જોયુ તો પુત્ર મૃત હાલતમાં હતો. તે સમયે તેમને બાઈક સ્લીપ થતા આ ઘટના બની હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તેઓએ ફરીયાદ કરવાનું ટાળ્યુ હતું. પુત્રની અંતિમ સંસ્કાર સહિતની વિધી પુરી થઈ ગયા બાદ તેમને પુત્રના મૃત્યુ માટે અન્ય એક બાઈક ચાલક જવાબદાર હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માત સમયે ગામના ત્રણ-ચાર વ્યકિતઓ પેથાપુર બાજુ ખરીદી માટે આવી રહ્યા હતા. ત્યારે તેમણે જોયુ હતુ કે મૃતક યુવાન બાઈક લઈને જતો હતો ત્યારે વિજાપુરથી ઉનાવા જવાના કટ પરથી એક બાઈક ચાલક અચાનક આવી જતા બંન્ને બાઈક સામસામે અથડાયા હતા. જેમાં માર્ગ પર પટકાયેલા યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી મૃતક યુવાનના પિતાએ જી.જે.૦૧.જે.જી.-૪૬૩૨ નંબરના બાઈક ચાલક દશરથ ભીખા ઠાકોર સામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી બે લોક ડાયરાનું આયોજન

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી આગામી તા. ૨૦ અને ૨૧મી ફેબ્રુઆરી દરમ્યાન ચાંદખેડા તથા સરગાસણ ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાયરામાં ભજનસમ્રાટ મધુભાઈ વાળા, લોકગાયક રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ, ઉત્તર ગુજરાતની કોયલ સુલોચના વ્યાસ, આકાશવાણી રેડિયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ લોકસંગીત તથા લોક સાહિત્યની પ્રસ્તુતિ કરશે. લોકડાયરાનું સંચાલન સાહિત્યકાર વ્હાલા ગજ્જર દ્વારા કરવામાં આવશે. ગાંધીનગર નજીકના ચાંદખેડા ખાતે તા. ૨૦મી ફેબ્રુઆરીએ રાત્રે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન ગુજરાત હાઉસીંગ બોર્ડના ગુરૂકૃપાનગર ખાતે અને તા. ૨૧મી ફેબ્રુઆરીએ રાત્રે ૯ થી ૧૨ કલાક દરમ્યાન સરગાસણની દેવનંદન સમિટ સોસાયટી ખાતે લોકડાયરા યોજાશે. બંને લાકડાયરાનો વિના મૂલ્યે લાભ લેવા લોક સાહિત્યપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ૨૦૧૮ના પરિપત્રનો અમલ ન કરવા સરકારે સ્પષ્ટતા કરી

**એલઆરડી ભરતીમાં ૨૪૮૪ નવી જગ્યા ઉભી કરવામાં આવી છે : ત્રણ જ સપ્તાહમાં ભરતી પ્રક્રિયા શરૂ : સરકાર**

એલઆરડી ભરતી વિવાદ કેસમાં અનામત વર્ગની મહિલાઓ દ્વારા કરાયેલી રિટ અરજીની સુનાવણી દરમ્યાન આજે રાજય સરકાર તરફથી બહુ મહત્વની રજૂઆત કરાઈ હતી કે, પ્રસ્તુત કેસમાં સમગ્ર આંદોલનનો સુખદ અંત આવ્યો છે. તા.૧-૮-૨૦૧૮ના વિવાદીત પરિપત્રનો સરકાર દ્વારા આ ભરતીમાં હાલ કોઈ અમલ કરવામાં આવશે નહી. સરકાર તરફથી એલઆરડી ભરતી મામલે તા.૩-૯-૨૦૧૪ના પરિપત્ર મુજબ કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય સરકાર તરફથી એડવોકેટ જનરલે હાઈકોર્ટમાં જણાવ્યું કે, આંદોલનનો સુખદ અંત આવ્યો છે. નવો ઠરાવ હાલ પુરતો અમલમાં આવશે નહીં, જ્યારે તા.૧ ઓગસ્ટ ૨૦૧૮ના ઠરાવનું પાલન થશે નહી. આ મામલે ૩ સપ્ટેમ્બર ૨૦૧૪ના પરિપત્ર મુજબ સરકાર કાર્યવાહી કરશે. કોઈપણ આંદોલનકારીઓને અન્યાય ના થાય તે માટે સરકાર દ્વારા એલઆરડી ભરતીમાં ૨૪૮૪ નવી પોસ્ટ ઉભી કરવામાં આવી છે. જે ઉમેદવારોએ ૧૨૫માંથી ૬૨.૫ માર્ક્સ મેળવ્યા હશે તે તમામની ભરતી કરવામાં આવશે. ત્રણ અઠવાડીયામાં ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રાજય સરકાર તરફથી એડવોકેટ જનરલ દ્વારા રજૂ કરાયેલી વિગતોને રેકર્ડ પર લઈ હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી તા.૧૧ માર્ચના રોજ મુકરર કરી હતી. આ કેસમાં અગાઉ અરજદાર દિવ્યાબહેન ચૌધરી સહિત અનામત કેટેગરીની ૧૫૫ બહેનો તરફથી કરાયેલી રિટ અરજીમાં એડવોકેટ વિજય નાંગેશે મહત્વની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, એલઆરડી ભરતીને લઈ સરકારે સૌપ્રથમ જનરલ મેરિટ લીસ્ટ બનાવવુ જોઈએ. તેમાં જો એસસી, એસટી અને ઓબીસીની બહેનોનું મેરિટ ઉંચું હોય અને જનરલમાં સમાવિષ્ટ થતી હોય તેઓને જનરલ મેરિટલીસ્ટમાં સમાવી લેવી જોઈએ અને ત્યારબાદ રિઝર્વ કેટેગરીનું મેરિટ લીસ્ટ બનાવવું જોઈએ. સરકાર દ્વારા તા.૧-૮-૨૦૧૮ના પરિપત્રનું ખોટું અર્થઘટન થઈ રહ્યું છે, જેના કારણે સેંકડો ઉમેદવારોને ભારોભાર અન્યાય થઈ રહ્યો છે ત્યારે આ મામલે હાઈકોર્ટે દરમ્યાનગીરી કરવી ન્યાયોચિત બની જાય છે. દરમ્યાન રાજય સરકાર તરફથી એડવોકેટ જનરલે હાઈકોર્ટમાં મહત્વનું નિવેદન કર્યું હતું કે, આવતીકાલે રાજ્ય સરકાર આ મુદ્દે નવો જીઆર બહાર પાડશે. અરજદારોની માંગણી નવી પોલિસી અંતર્ગત સંતોષાઈ જશે તેવી આશા વ્યક્ત કરી હતી. ઉપરાંત, ૧૮ ફેબ્રુઆરીએ નવો પરિપત્ર હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવશે તેવી હૈયાધારણ આપવામાં આવી હતી. જેના અનુસંધાનમાં આજે કેસની વધુ સુનાવણી હાથ ધરાતાં રાજય સરકાર તરફથી આ સમગ્ર કેસમાં થયેલા નવા ડેવલપમેન્ટ અને પરિસ્થિતિ વિશે હાઈકોર્ટનું ધ્યાન દોર્યું હતું. સરકારપક્ષ તરફથી જણાવાયું કે, આંદોલનનો સુખદ અંત આવ્યો છે. નવો ઠરાવ હાલ પુરતો અમલમાં આવશે નહીં, જ્યારે તા.૧ ઓગસ્ટ ૨૦૧૮ના ઠરાવનું પાલન થશે નહીં. આ મામલે ૩ સપ્ટેમ્બર ૨૦૧૪ના પરિપત્ર મુજબ સરકાર કાર્યવાહી કરશે. કોઈપણ આંદોલનકારીઓને અન્યાય ના થાય તે માટે સરકાર દ્વારા એલઆરડી ભરતીમાં ૨૪૮૪ નવી પોસ્ટ ઉભી કરવામાં આવી છે.

# રાજ્યના MSME ઉદ્યોગ સાહસિકો માટે ૩૬૦ ડિગ્રી ચેઈન્જની પહેલ

રાજ્યના સ્જીસ્ઈ ઊદ્યોગ સાહસિકોને સરળતાએ નાણાં ઊદ્યોગ સ્થાપના માટે મળી રહે તેવી પહેલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં સાકાર થઈ છે. મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતીમાં રાજ્ય સરકારના ઊદ્યોગ વિભાગે રાષ્ટ્રિયકૃત બેન્ક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા સાથે આ અંગેના મહત્વપૂર્ણ એમઓયુ સંપન્ન કર્યા છે. હવે જે નવા ઉદ્યોગ સાહસિકો ગુજરાતમાં સ્જીસ્ઈ એકમો સ્થાપવા માંગે છે તેમને સમયમર્યાદામાં વર્કિંગ કેપિટલ અને પ્રોજેકટ કોસ્ટ માટે નાણાં સહાય મળી રહેશે.

આ એમઓયુ પર ગુજરાત સરકાર વતી ઉદ્યોગ અગ્ર સચિવ અને મુખ્યમંત્રીના અગ્ર સચિવ એમ. કે. દાસ અને બેન્ક વતી બેન્કના અમદાવાદ સર્કલના જનરલ મેનેજર રમેશકુમાર અગ્રવાલે હસ્તાક્ષર કર્યા હતા.

એમઓયુ અંતર્ગત MSME ઉદ્યોગ સાહસિકોના નવિન પ્રોજેકટ માટે નાણાં સહાય ઉપલબ્ધ કરાવવા માત્ર ૧૫ દિવસ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવશે.

બેન્કને સ્જીસ્ઈ પોર્ટલ પરથી કે જિલ્લા-રાજ્યકક્ષાની નોડલ એજન્સી તરફથી આવી નવા MSME માટેની અરજી મળતાં બેન્ક ૧૫ દિવસમાં નાણાં સહાયની સૈદ્ધાંતિક પરવાનગી આપી દેશે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાએ આ હેતુસર ૫૪ જેટલી સ્પેશ્યલાઈઝડ MSME બ્રાન્ચ દ્વારા સ્ટાર્ટઅપ પ્રોજેકટમાં ફંડીગ આપવા એમઓયુમાં સહમતિ દર્શાવી છે.

ગુજરાતમાં સતત વધતા જતા ઔદ્યોગિક સહિત સર્વગ્રાહી વિકાસ તેમજ દેશભરમાં સૌથી વધુ રિકવરી રેઈટથી પ્રભાવિત થઈને એસ.બી.આઈએ MSME સેકટરમાં વધુ સહાય-લોન પૂરી પાડવા આ એમઓયુ કર્યા છે. એસ.બી.આઈ.ના અધિકારીઓએ આ વેળાએ મુખ્યમંત્રીને જણાવ્યું કે, ગુજરાતમાં ગત વર્ષ કરતાં વધુ પ્રમાણમાં MSME એકમોએ લોન-સહાય માટે બેન્ક પાસે માંગ કરી છે. એટલું જ નહિ, અત્યાર સુધીનો બેન્કનો રાજ્યમાં આવી લોન-સહાય રિકવરીનો અનુભવ પણ ખૂબ જ સાનૂકુળ રહ્યો છે.

